વર્ષ ૨૦૧૪-૧૫ના ફેરફાર કરેલ અંદાજપત્ર અન્વયે આયોજન વર્ષની નવી બાબત અન્વયે પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટની સુવિધાઓ પુરી પાડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઈ ૧૪૨૦૧૪-૧૧૬૧/ક
સચિવાલય ગાંધીનગર,
તા.૮/૮/૨૦૧૪

વંચાણે લીધા

(૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ના તા.૧૩/૫/૨૦૧૪ ના પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/નવી બાબત એસએસએ-૧૪-૧૫,૯૨૩-૨૪.

(૨) એસ.એસ.એ.નો તા.૧૧/૭/૨૦૧૪ ના પત્ર ક્રમાંક-એસએસએ/હસબ/વહીવટી મંજુરી/૨૦૧૪-૧૫/૨૨૯૪૭-૭૮.

ઠરાવ

રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટીની સુવિધાઓ મળી રહે તે હેતુથી આ સેવાઓ પુરી પાડવા સૈધાંતિક નિર્ણય લેવાયા મુજબ આ અંગે વર્ષ-૨૦૧૪-૧૫ ના વર્ષમાં રૂ-૫૦-૦૦/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. આ જોગવાઈને વહીવટી મંજુરી આપવા સંદર્ભ (૨) ના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રથી કરેલ દરખાસ્ત અનુસાર પુખ્ત વિચારણાને અંતે રાજયમાં આવેલ ૨૨૦૦૦ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટીની સુવિધાઓ પુરી પાડવા માટે વર્ષ-૨૦૧૪-૧૫ માટે રૂ-૫૦-૦૦ લાખ ( પચાસ લાખ પુરા ) ની નવી બાબતને નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શરતો

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામા સમાવેશ કરવાનો રહેશે.દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પ્રર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાંતોનુ પાલન કરવાનું રહેશે

(૬) આ કામ અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

(૯) આ યોજનાનો અમલ સ્ટેટ પ્રોજેકટ શિક્ષણ વિભાગના સને.૨૦૧૪-૧૫ના અંદાજ પત્રના માંગણી નં.૬ મુખ્ય સદર ૨૨૦૨-૦૧-૧૦૬ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટીની સુવિધા પુરી પાડવા અંગે માંગણી નં.૯૬ આદિજાતિ વિસ્તાર માટે ૨૨૦૨-૦૧-૭૯૬-૩૭ અને માંગણી નં. ૯૧ ખાસ અગભૂત યોજના માટે ૨૨૦૨-૦૧-૮૦૦-૦૨ હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

(૧૦) આ યોજનાની પ્રશ્ચાતવર્તિ અસરથી ડીપાર્ટમેન્ટલ આઇ.ટી.કમિટીની મંજુરી મેળવવાની રહેશે.

(૧૧) આ જોગવાઇ સંબંધે ઇન્ટરનેટની સૂવિધા માટે સ્પધાત્મક ભાવો મંગાવાના રહેશે જે મંગ્યાબાદ બી.એસ.એન.એલ.ના સમક્ષમાં આવેલ ભાવોને પ્રાધાન્ય આપાવાનું રહેશે.

(૧૨) ઇન્ટરનેટ સુવિધા માટે ઇન્ટરનેટ સર્વીસ પ્રોવાઇડરનો ઉપયોગ કરવાનો રહેશે.અને આ અંગે સર્વીસ પ્રોવાઇટર પાસેથી ઇન્ટરનેટ યુસેઝની માહિતી શાળાદિઠ ત્રીમાસિક ધોરણે મેળવવાની રહેશે.

(૧૩) પ્રાથમીક શાળાઓમાં ઇન્ટરનેટની સુવિધા આપવા અંગેની યોજના અમલીકરણ થયાના પ્રથમ-૬(છ)માસમાં આયોજનાનો પ્રતિભાવ અને લાભ અંગે ખાનગી એજન્સી મારફતે મુલ્યાંકન કરાવી તે અંગેનો અહેવાલ શિક્ષણ વિભાગને રજુ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા ૨૮/૭/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

આપનો વિશ્વાસુ

( પી એન બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર

- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા